Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા.૭–૧૦–૨૦૧૬**

સિન્ડિકેટની સામાન્ય સભા શુક્રવાર, તા.૭–૧૦–૨૦૧૬ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં. ૨૦૫માં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા.૭–૧૦–૨૦૧૬ |
|---|---|---|
| ૧. | ડૉ.દક્ષેશ રસીકલાલ ઠાકર (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડૉ.ભાસ્કર મહેન્દ્રપ્રસાદ રાવલ (માનનીય ઉપકુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ.ડૉ.મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૭. | આ.ડૉ.વિપિનકુમાર દયાળજી નાયક | હાજર |
| ૮. | ડૉ.ઘનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલ | હાજર |
| ૯. | ડૉ.રાકેશ એન. દેસાઈ | હાજર |
| ૧૦. | ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્ય | હાજર |
| ૧૧. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૨. | શ્રી પરેશ રમેશભાઈ પટેલ | હાજર |
| ૧૩. | શ્રી કિરિટકુમાર અમૃતલાલ પટેલ | હાજર |
| ૧૪. | શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી | હાજર |
| ૧૫. | ડૉ.અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર |
| ૧૬. | આ.ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલ | હાજર |

૧. સિન્ડિકેટની તા.૨–૯–૨૦૧૬ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત...

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨–૯–૨૦૧૬ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને નીચે મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવી.**

**સિન્ડિકેટની તા.૨–૯–૨૦૧૬ની બાબત ક્રમાંક : ૭**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના સ્ટેટયુટ–૨૯૩માં કરેલ જોગવાઈ અંતર્ગત ડિપાર્ટમેન્ટ ઓફ ગુજરાતીના Officiating Head તરીકે સદર વિભાગના શ્રેયાંન એસોસિયેટ પ્રોફેસરશ્રી ડૉ.જશુભાઈ પટેલને નિયુકત કરવા.**

**ને બદલે**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના સ્ટેટયુટ–૨૯૩ના પાઠ(Text)ને અવલોકને લેતા ગુજરાતી વિભાગના એસોસિયેટ પ્રોફેસર શ્રી જશુભાઈ પટેલને Officiating Head તરીકે નહીં પણ Head તરીકે નિયુકત કરવા તથા વધુમાં જયાં પણ આ રીતે Associate Professorને Officiating Head તરીકે નિમ્યા હોય ત્યાં તેમને વિભાગીય વડા (Head) તરીકે જ નિમવા.**

**વાંચનમાં લેવું**

**સિન્ડિકેટની તા.૨–૯–૨૦૧૬ની બાબત ક્રમાંક :૧૧**

**Assistant Professor (ST-01) માટે પસંદગી સમિતિ ધ્વારા નીચે મુજબનો નિર્ણય કરવામાં આવેલ છે.**

**1. No our is found suitable.**

**ને બદલે**

**Assistant Professor (ST-01) માટે પસંદગી સમિતિ ધ્વારા નીચે મુજબનો નિર્ણય કરવામાં આવેલ છે.**

**1. No one is found suitable**

**વાંચનમાં લેવું**

**સિન્ડિકેટની તા.૨–૯–૨૦૧૬ની બાબત ક્રમાંક :૧૬**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, હાલ સદર બાબત મુલતવી રાખવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, જે તે કોલેજમાં આચાર્ય/ડાયરેકટર તરીકે નિમણુંક પામેલાને આચાર્ય તરીકેના તમામ લાભો આપવા.**

**ને બદલે**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક સોસાયટીને સદર બાબતે યુનિવર્સિટીએ તા.૫–૭–૨૦૧૬થી પાઠવેલ પત્ર રદ ગણવો.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, જે તે કોલેજમાં આચાર્ય/ડાયરેકટર તરીકે નિમણુંક પામેલાને આચાર્ય તરીકેના તમામ લાભો આપવા.**

**વાંચનમાં લેવું**

**<u>સિન્ડિકેટની તા.૨–૯–૨૦૧૬ની બાબત ક્રમાંક :૩૪</u>**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, એસ. એન. જીન. લેબ એન્ડ રીસર્ચ સેન્ટર, બીજો માળ, પ્રેસિડેન્ટ પ્લાઝા, આર. ટી. ઓ.ની પાસે, નાનપુરા, સુરતની નીચે દર્શાવેલ વિગતે સ્વનિર્ભર અભ્યાસક્રમ Cytogenetics and Molecular BiologyG એપ્રુવ્ડ ઈન્સ્ટિટયુટ તરીકેની માન્યતા મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૯–૧૨–૨૦૧૫ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૫) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ, માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૯–૪–૨૦૧૬ની ભલામણ ક્રમાંકઃ૨૧૯થી સિન્ડિકેટને કરેલ ભલામણ ઉપર સિન્ડિકેટની તા.૨૮–૪–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૮૪) અન્વયે, સર્વગ્રાહી અભ્યાસ માટે નિયુકત સમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અહેવાલનો સ્વીકાર કરવો અને સદર સમિતિના અહેવાલ તથા ઓર્ડીનન્સ – ૯૭ અને ઓર્ડીનન્સ – ૯૮ મુજબ કાર્યવાહી કરવી.**

**<u>ને બદલે</u>**

**:: આથી <u>બહુમતીએ</u> ઠરાવવામાં આવે છે કે, એસ. એન. જીન. લેબ એન્ડ રીસર્ચ સેન્ટર, બીજો માળ, પ્રેસિડેન્ટ પ્લાઝા, આર. ટી. ઓ.ની પાસે, નાનપુરા, સુરતની નીચે દર્શાવેલ વિગતે સ્વનિર્ભર અભ્યાસક્રમ Cytogenetics and Molecular BiologyG એપ્રુવ્ડ ઈન્સ્ટિટયુટ તરીકેની માન્યતા મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૯–૧૨–૨૦૧૫ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૫) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ, માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૯–૪–૨૦૧૬ની ભલામણ ક્રમાંકઃ૨૧૯થી સિન્ડિકેટને કરેલ ભલામણ ઉપર સિન્ડિકેટની તા.૨૮–૪–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૮૪) અન્વયે, સર્વગ્રાહી અભ્યાસ માટે નિયુકત સમિતિના સભ્યોએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અહેવાલ <u>સંદર્ભે સદર સંસ્થાને એપ્રુવ્ડ ઈન્સ્ટિટયુટ તરીકે મંજૂરી આપવી.</u>**

**<u>વાંચનમાં લેવું</u>**

**<u>સિન્ડિકેટની તા.૨–૯–૨૦૧૬ની બાબત ક્રમાંક :૩૮</u>**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતે અંગ્રેજી માધ્યમની કોલેજીસમાં અંગ્રેજીમાં ભણાવી શકે તેવા અધ્યાપકની જરૂરીયાત હોવાથી પૂર્ણ લાયકાતવાળા અધ્યાપક પહેલા પ્રયત્ને ઈન્ટરવ્યુમાં ન મળે તો પુનઃ જાહેરખબર આપવી કોન્ટ્રાકચ્યુઅલ માન્યતા આપવી. (નોંધ : સદર બાબત અંગે ડૉ.રાકેશ એન. દેસાઈએ નાસંમતિ નોંધાવેલ છે.)**

**<u>ને બદલે</u>**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતે અંગ્રેજી માધ્યમની કોલેજીસમાં અંગ્રેજીમાં ભણાવી શકે તેવા અધ્યાપકની જરૂરીયાત હોવાથી <u>જો યુ.જી.સી.ના ધારા ધોરણોવાળા ઉમેદવાર અંગ્રેજી માધ્યમમાં ભણાવવા પસંદગી સમિતિને યોગ્ય ન જણાયતો પુનઃ જાહેરખબર આપવી બીજા પ્રયત્નમાં પણ એવુ જ થાય તો કોન્ટ્રાકચ્યુઅલ એટલેકે ૧૧ મહિનાથી કરાર પર પસંદગી સમિતિના ઠરાવ્યાનુસાર માન્યતા આપવી.</u>
(નોંધ : સદર બાબત અંગે ડૉ.રાકેશ એન. દેસાઈએ નાસંમતિ નોંધાવેલ છે.)**

**<u>વાંચનમાં લેવું</u>**

**સિન્ડિકેટની તા.૨–૯–૨૦૧૬ની બાબત ક્રમાંક :૬૭**

**૪.કાનૂન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન લો કોલેજો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ માટે સત્રવ્યવસ્થા**

| | | |
|---|---|---|
| (૫) | દિવાળી વેકેશન (યુનિવર્સિટી દ્વારા જાહેર થયા મુજબ) | ગુરૂવાર, **તા.૨૭/૧૦/૨૦૧૬** થી બુધવાર, તા૧૬/૧૧/૨૦૧૬ |

**8. Faculty of Computer Science and Information Technology**

**Term Schedule for Academic Year: 2016-17**

| | | |
|---|---|---|
| 5. | **Diwali Vacation : From:** | Thursday 27-10-2016 to Wednesday 16-11-2016 |

**ને બદલે**

**૪.કાનૂન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન લો કોલેજો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ માટે સત્રવ્યવસ્થા**

| | | |
|---|---|---|
| (૫) | દિવાળી વેકેશન (યુનિવર્સિટી દ્વારા જાહેર થયા મુજબ) | સોમવાર, **તા.૨૪/૧૦/૨૦૧૬** થી બુધવાર, તા૧૬/૧૧/૨૦૧૬ |

**8. Faculty of Computer Science and Information Technology**

**Term Schedule for Academic Year: 2016-17**

| | | |
|---|---|---|
| 5. | **Diwali Vacation : From:** | Monday **24**-10-2016 to Wednesday 16-11-2016 |

**વાંચનમાં લેવું**

**સિન્ડિકેટની તા.૨–૯–૨૦૧૬ની બાબત ક્રમાંક :૯૩**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, T.Y.M.B.B.S. (Part-2)ની જાન્યુઆરી–૨૦૧૬ની પરીક્ષામાં ગેરરીતી આચરવા માટેની સજા પામેલ વિદ્યાર્થી શ્રી હેમલ ઈશ્વરભાઈ પટેલ, બેઠક નંબર – ૧૬૦, સજા માફ કરવા માટેની અરજી નામંજુર કરવી.**

**ને બદલે**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, T.Y.M.B.B.S. (Part-2)ની જાન્યુઆરી–૨૦૧૬ની પરીક્ષામાં ગેરરીતી આચરવા માટેની સજા પામેલ વિદ્યાર્થી શ્રી હેમલ ઈશ્વરભાઈ પટેલ, બેઠક નંબર – ૧૬૦, સજા માફ કરવા માટેની અરજી ઉપર નિર્ણય હાલ મોકૂફ રાખવો.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદર વિદ્યાર્થી શ્રી હેમલ ઈશ્વરભાઈ પટેલે તથા તેની સાથે જાન્યુઆરી–૨૦૧૫ની T.Y.M.B.B.S. (Part-1)ની પરીક્ષા તથા જાન્યુઆરી–૨૦૧૬ની T.Y. M.B. B.S. (Part-2)ની પરીક્ષા આપનાર વિદ્યાર્થી શ્રી સિધ્ધાર્થ અશ્વિનભાઈ પારેખે તેમની જાન્યુઆરી – ૨૦૧૫ની T.Y.M.B.B.S. (Part-I) ની લેખિત પરીક્ષાઓની તમામ ઉત્તરવહીઓમાં તેમની ઓળખ ઊભી થાય તેવી નિશાનીઓ ઊભી કરેલ છે અને/ અથવા તે માટેની યુકિતઓ પ્રયોજેલ છે તેવુ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરેલ તેમની ઉત્તરવહીઓ ઉપરથી સ્પષ્ટ થાય છે તે હકીકત ધ્યાનમાં લઈ તથા યુનિવર્સિટીના ઓર્ડિનન્સ–157ની જોગવાઈઓ ધ્યાનમાં લઈ આ બંને વિદ્યાર્થીઓને તેમની જાન્યુઆરી–૨૦૧૫ની T.Y.M.B.B.S. (Part-I)ની લેખિત પરીક્ષાની તમામ ઉત્તરવહીઓની નકલ મોકલવી અને તેમની ઉત્તરવહીઓમાં તેમણે પ્રયોજેલ યુકિતઓને ઉત્તરવહીઓના દરેક પાના ઉપર ફૂટનોટ રૂપે છપાયેલ/ પરીક્ષાની આચારસંહિતાની સંબંધિત સૂચનાનો ભંગ સમાન ઓળખ ઊભી કરતી નિશાનીઓ ગણીને પરીક્ષાની આચારસંહિતાના ભંગ કરતી ગેરરીતી માટેના નિયમો અનુસારની સજા તેમને થવી જોઈતી હતી તે કેમ નહીં કરવી તે માટેના કારણો પૂછાવતી નોટીસ યુનિવર્સિટીના ઓર્ડિનન્સ – 157ની જોગવાઈ અંતર્ગત આપવી અને બંને કિસ્સામાં તેમના જવાબ મળે ત્યાર બાદ તે અંગે આગળની કાર્યવાહી કરવી.**

**વાંચનમાં લેવું**

**સિન્ડિકેટની તા.૨–૯–૨૦૧૬ની બાબત ક્રમાંક :૯૬**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૧૯–૦૮–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંક : ૯થી કરેલ ઉપરોકત ભલામણનો યથાવત સ્વીકાર કરવો.**

**ને બદલે**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાતી વિષયના શિક્ષક ડૉ.ભરતભાઈ જે. ઠાકોરની પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષકની માન્યતા સ્થગિત કરવી.**

**વાંચનમાં લેવું**

<u>**સિન્ડિકેટની તા.૨–૯–૨૦૧૬ની બાબત ક્રમાંક :૧૦૮**</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ પરના શ્રી ગીજુભાઈ છગનભાઈ પટેલ ઈન્સ્ટીયુટ ઓફ આર્કિટેકચર, ઈન્ટીરીયર ડીઝાઈન એન્ડ ફાઈન આર્ટસના B.Arch. સ્વનિર્ભર અભ્યાસક્રમ દ્વારા આયોજીત નાસા કાર્યક્રમ સંદર્ભે તપાસ સમિતનો અહેવાલ સ્વીકારવો તથા અહેવાલમાં જણાવેલ જવાબદારોને શો–કોઝ નોટીસ આપવી. ૪૦ લાખ બાકી છે તે પાર્ટી/કોન્ટ્રાકટરને નેગોશીએટ કરીને બાકી રહેતા ચુકવણાના ૫૦ ટકા રકમ ચુકવવી તથા બીજી તમામ નાની પાર્ટી/કોન્ટ્રાકટરને નેગોશીએટ કરીને બાકી રહેતી રકમના ૭૫ ટકા લેખે ચુકવણું કરવું તથા હાલની તપાસ સમિતિમાં ડૉ.ઘનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલનો ઉમેરો કરવો અને તપાસ સમિતિએ આગળની કાર્યવાહી કરવી તથા જેઓ દોષિત છે તેમના હોદ્દાના આધારે ક્ષતી અનુસાર રીકવરી કરવાની કાર્યવાહી કરવી.**

<u>**ને બદલે**</u>

:: **આથી <u>બહુમતીએ</u> ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ પરના શ્રી ગીજુભાઈ છગનભાઈ પટેલ ઈન્સ્ટીયુટ ઓફ આર્કિટેકચર, ઈન્ટીરીયર ડીઝાઈન એન્ડ ફાઈન આર્ટસના B.Arch. સ્વનિર્ભર અભ્યાસક્રમ દ્વારા આયોજીત નાસા કાર્યક્રમ સંદર્ભે તપાસ સમિતનો અહેવાલ સ્વીકારવો તથા અહેવાલમાં જણાવેલ જવાબદારોને શો–કોઝ નોટીસ આપવી. ૪૦ લાખ બાકી છે તે પાર્ટી/કોન્ટ્રાકટરને નેગોશીએટ કરીને બાકી રહેતા ચુકવણાના ૫૦ ટકા રકમ ચુકવવી તથા બીજી તમામ નાની પાર્ટી/કોન્ટ્રાકટરને નેગોશીએટ કરીને બાકી રહેતી રકમના ૭૫ ટકા લેખે ચુકવણું કરવું તથા હાલની તપાસ સમિતિમાં ડૉ.ઘનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલનો ઉમેરો કરવો અને તપાસ સમિતિએ આગળની કાર્યવાહી કરવી તથા જેઓ દોષિત છે તેમના હોદ્દાના આધારે ક્ષતી અનુસાર રીકવરી કરવાની કાર્યવાહી કરવી.**

<u>**(નોંધ :સદર બાબત અંગે આ.ડૉ.વિપીનભાઈ ડી. નાયક તથા શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નાસંમતિ નોંધાવેલ છે.)**</u>

<u>**વાંચનમાં લેવું**</u>

<u>**સિન્ડિકેટની તા.૨–૯–૨૦૧૬ની બાબત ક્રમાંક :૧૧૩**</u>

ફીઝીયોથેરાપી કોલેજને જોડાણ આપવા પુનઃવિચારણા કરવા બાબતના એમ. જી. ગોહિલ ઈન્સ્ટિટયુટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ સેન્ટર, નવસારીના ટ્રસ્ટીશ્રીના તા.૧–૯–૨૦૧૬ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ફીઝીયોથેરાપી કોલેજને જોડાણ આપવા પુનઃવિચારણા કરવા બાબતના એમ. જી. ગોહિલ ઈન્સ્ટિટયુટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ સેન્ટર, નવસારીના ટ્રસ્ટીશ્રીએ તા.૧–૯–૨૦૧૬ના પત્રથી કરેલ વિનંતીને નામંજૂર કરવી.**

<u>**ને બદલે**</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, <u>પ્રસ્તુત બાબત રેકર્ડ પર ન લેવી એટલેકે સમગ્ર બાબત જ રદ ગણવી.</u>**

<u>**વાંચનમાં લેવું**</u>

૨. શ્રી સ્વામીનારાયણ ગુરૂકુલ, સરદાર સરોવર, કેવડિયા કોલોની, તા.રાજપીપળા, જિઃ નર્મદા સંચાલિત શ્રી સ્વામીનારાયણ કોલેજ ઓફ સાયન્સ, કેવડિયા કોલોની, તા.રાજપીપળા, જિઃ નર્મદાના ટ્રસ્ટીશ્રીએ તેમના તા.૩૦–૮–૨૦૧૬ના પત્રથી સદર કોલેજમાં ચાલતો બોટની મુખ્ય વિષય શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૨૦૧૮થી બંધ કરવા માટે કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.
(નોંધઃ (૧) આ અંગે તેઓએ રૂા.૧,૦૦,૦૦૦/– નો ચેક મોકલેલ છે.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સ્વામીનારાયણ ગુરૂકુલ, સરદાર સરોવર, કેવડિયા કોલોની, તા.રાજપીપળા, જિઃ નર્મદા સંચાલિત શ્રી સ્વામીનારાયણ કોલેજ ઓફ સાયન્સ, કેવડિયા કોલોની, તા.રાજપીપળા, જિઃ નર્મદાના ટ્રસ્ટીશ્રીએ તેમના તા.૩૦–૮–૨૦૧૬ના પત્રથી સદર કોલેજમાં ચાલતો વનસ્પતિશાસ્ત્ર (બોટની) મુખ્ય વિષય શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૨૦૧૮થી બંધ કરવા માટે કરેલ વિનંતી સંદર્ભે નીચે મુજબના સભ્યોની સમિતિ નીમવી.**

| | |
|---|---|
| **(૧) ડૉ.કે. સી. પટેલ** | **(પ્રો. અને હેડ, કેમીસ્ટ્રી વિભાગ, વી. ન. દ. ગુ. યુ., સુરત.)** |
| **(૨) આ.ડૉ.નિતિનભાઈ એમ. પટેલ** | **(આચાર્ય, શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, જૂનો નેશનલ હાઈવે નં. ૮, કોલેજ રોડ, કોલેજ કેમ્પસ, ભરૂચ.)** |

૩. યુનિવર્સિટી સંલગ્ન બી.જે. પટેલ કોલેજ ઓફ બી.સી.એ., બારડોલીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૨૦૧૭ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ.માં પ્રથમ વર્ષ બી.સી.એ. અને બીજું વર્ષ બી.સી.એ.માં એક પણ વિદ્યાર્થી ન હોવાથી પ્રસ્તુત કોલેજના ડાયરેકટર/આચાર્યશ્રીએ તેમના તા.૩૦–૮–૨૦૧૬ના પત્રથી આ અંગેની વિદ્યાર્થી દીઠ એફીલીયેશન ફીમાંથી મુકિત આપવા માટે કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત નામંજૂર કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઓર્ડિનન્સ–૬૬માં વિદ્યાર્થી દીઠ લેવામાં આવતી જોડાણ (એફીલીયેશન) ફી બાબતે જરૂરી સુધારા વધારા કરવા માટે નીચે મુજબના સભ્યોની સમિતિ નીમવી.**

| | |
|---|---|
| **(૧) આ.ડૉ.વિપીનભાઈ ડી. નાયક** | **(સિન્ડિકેટ સભ્યશ્રી તથા આચાર્ય, એસ.પી. બી. ઈંગ્લીશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સ, અઠવાલાઈન્સ, સુરત.)** |
| **(૨) ડૉ.રાકેશ એન. દેસાઈ** | **(સિન્ડિકેટ સભ્યશ્રી તથા પ્રો. અને હેડ, અંગ્રેજી વિભાગ, વી. ન. દ.ગુ. યુ., સુરત.)** |
| **(૩) આ.ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈ** | **(આચાર્યશ્રી, સિધ્ધાર્થ લૉ કોલેજ, કામરેજ ચાર રસ્તા, સુરત.)** |

૪. સિન્ડિકેટના ઠરાવ અનુસાર દર વર્ષે ૧૫મી ઓગસ્ટ સુધીમાં એફીડેવીટ મંગાવવાનું ઠરાવેલ છે, તદ્નુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૨૦૧૭ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમો/કોલેજોના શિક્ષકો તથા વહીવટી સ્ટાફના પગાર ભથ્થાઓની માહિતી રૂા.૨૦ના સ્ટેમ્પ પેપર પર એફીડેવીટ મંગાવતા, ઘણી કોલેજોમાં પગાર તથા ભથ્થા બાબતમાં વિસંગતા જોવા મળે છે તથા ઘણી કોલેજો પાંચમા પગાર પંચનો અમલ કરે છે. જે અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જે કોલેજીસ નિયમાનુસાર છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર ચુકવતી નથી તેવી કોલેજીસને શો–કોઝ નોટીસ આપવી કે તેમનું જોડાણ રદ કેમ ન કરવું.?**

૫. સિન્ડિકેટ સભ્યશ્રીઓ ડૉ.ઘનશ્યામભાઈ રાવલ, ડૉ.મહેન્દ્રભાઈ ચૌહાણ, શ્રી સંજયભાઈ દેસાઈ, ડૉ.ધનેશ વૈદ્ય અને શ્રી પરેશભાઈ પટેલે તેની સંયુકત સહીથી આપેલ તા.૧–૯–૨૦૧૬ના પત્રમાં દર્શાવેલ પ્રશ્નોના મુદ્દા નંબર (૭)માં યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજોને ગ્રેડેશન બાબતે યોગ્ય નિર્ણય લઈ એફીલીયેશન આપવા અંગે કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, હાલ સદર બાબત મુલતવી રાખવી અને આગામી સિન્ડિકેટમાં આ બાબત રજૂ કરવી. સ્વનિર્ભર કોલેજીસને ગ્રેડેશન આપવાની સદર બાબતને પાયલોટ પ્રોજેકટ તરીકે સ્વીકારવો અને તેના વધુ અભ્યાસ અર્થે નીચે મુજબના સભ્યોની સમિતિ નીમવી.**

**(૧) ડૉ.ઘનશ્યામભાઈ ડી. રાવલ (સિન્ડિકેટ સભ્યશ્રી અને ડીનશ્રી હોમિયોપેથીક વિદ્યાશાખા)**

**(૨) ડૉ.અપૂર્વ એ. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી, ડીનશ્રી, કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખા અને પ્રો. અને હેડ, કોમ્પ્યુટર સાયન્સ વિભાગ, વી. ન. દ. ગુ. યુ., સુરત.)**

**(૩) આ.ડૉ.વિપીનકુમાર ડી. નાયક(સિન્ડિકેટ સભ્યશ્રી તથા આચાર્ય, એસ.પી. બી. ઈંગ્લીશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સ, અઠવાલાઈન્સ, સુરત.)**

**(૪) શ્રી પરેશભાઈ રમેશભાઈ પટેલ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

૬. પરમાર લતાબેન રામસિંહ તેમના તા.૨૬/૦૮/૨૦૧૬નાં બિડાણ સહિતનાં પત્રથી અત્રેનાં કાર્યાલયને જણાવે છે કે, પત્ર ક્રમાંકઃ એસ(૧)/૧૧૩૯૬/૨૦૦૬, તા.૧૦/૧૧/૨૦૦૬માં જણાવ્યા મુજબની ગ્રંથપાલ તરીકેની શરતી નિમણૂંકના અનુસંધાનમાં મારે આપના જણાવેલ સમયમાં નેટ/સેટની પરીક્ષા પાસ કરવાની હતી. પરંતુ યુજીસીના રીવાઈઝડ પત્ર ક્રમાંકઃ (S)(1)/7861/2006, 21/07/2006 મુજબ યુજી લેવલે એમ.ફીલ.ની ડિગ્રી માન્ય હોવાથી ૩૦ જુન ૨૦૧૬ ના રોજ ૧૬૪૨ નોટીફીકેશન નંબર મુજબ વી.એન.એસ.જી.યુ., સુરતથી એમ.ફીલ.ની ડીગ્રી ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના વિષયમાં પાસ કરેલ છે. આથી મારી આ ડિગ્રીને માન્ય રાખી. મારી ઉપરોકત નિમણૂંકને કાયમી બહાલી આપી ઘટતુ કરવા વિનંતી.

વધુમાં, પરમાર લતાબેન રામસિંહને અત્રેનાં પત્ર ક્રમાંકઃ એસ(૧)/ ૧૧૩૯૬/ ૨૦૦૬, તા.૧૦/૧૧ /૨૦૦૬થી ગ્રંથપાલ તરીકે નિમણૂંક <u>પત્ર મળ્યે પાંચ વર્ષમાં ગુજરાત સરકારની સેટ/ નેટ પરીક્ષા પાસ કરવાની શરતે શરતી બહાલી આપવામાં આવી હતી</u>, તથા અત્રેનાં તા.૨૧/૦૭/૨૦૦૬નાં ક્રમાંકઃ એસ(૧)/ ૭૮૬૧/ ૨૦૦૬નાં પરિપત્રમાં જણાવ્યાનુસાર યુજીસી સેકન્ડ એમેન્ડમેન્ટ રેગ્યુલેશન, ૨૦૦૬)માં નીચે મુજબ જણાવેલ છે.

**" NET shall remain the compulsory requirement for appointment as Lecturer for those with post-graduate degree,. However the candidates having Ph.D. degree in the concerned subject are exempted from NET for PG level and UG level teaching. the candidates having M.Phil degree in the concerned subject are exempted from NET for UG level teaching only."**

ત્યારબાદ અત્રેનાં તા.૨૯/૧૨/૨૦૧૪નાં ક્રમાંકઃ એસ(૧)/(પરિપત્ર)/૧૪૯૯૮/૨૦૧૪થી સિન્ડિકેટ તા.૫–૧૨–૨૦૧૪ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ (૩૭) મુજબ **" જે શિક્ષકોની વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં ૮ વર્ષમાં (૫+૩) NET/GSLET/ Ph.D.** તથા M.Phil. **(જયાં લાગુ પડતુ હોય તેવા કિસ્સાઓમાં જ)** પાસ કરવાની શરતે **શરતી નિમણૂંક કરવામાં આવી હતી, ત્યાં હવેથી ૮ વર્ષ (૫+૩) ને બદલે ૧૧ વર્ષ (એટલે કે વધુ ૩ વર્ષ (૫+૩+૩) કરવી અને ૧૧ વર્ષ બાદ કોઈપણ પ્રકારની અવધિ વધારવી નહિં."** એ પ્રમાણે યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર કોલેજોને પરિપત્રિત કરેલ છે. આમ UGCના ઉપરોકત પરિપત્રનો લાભ સદર અરજદારને આપવો કે કેમ?

વર્ષ ૨૦૦૬માં કેટલાક અધ્યાપકોનાં નિમણૂંક પત્રોમાં **M.Phil.**ની શરત હતી, તો કેટલાંકમાં ન હતી, પરંતુ **UGC** ના વર્ષ ૨૦૦૬ના પરિપત્રનો લાભ અરજદારને મળવાપાત્ર છે, પણ **M.Phil.**ની શરતનો ઉલ્લેખ સદર અધ્યાપકના બહાલીનાં પત્રમાં નથી, તો આ લાભ આપીએ કે કેમ? તે અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જે તે સમયના યુ.જી.સી.ના ધારા ધોરણો મુજબ એમ.ફીલ. પૂર્ણ કરેલ હોય નિમણુંકની શરત પરિપૂર્ણ થયેલી ગણી સદર બાબતે સંસ્થાને નિયમાનુસાર કાર્યવાહી કરવા જણાવવું.**

૭. શ્રી મોહનલાલ હરકિશનદાસ કંસારા કેળવણી ટ્રસ્ટ સંચાલિત નારણલાલા ઈન્સ્ટિટયુટ ઓફ ટીચર એજયુકેશન, નવસારીનાં આચાર્યશ્રી તેમનાં તા.૦૮–૦૯–૨૦૧૬નાં REF NO: NLITE/ ADM/ 070/ 2016નાં બિડાણ સહિતનાં પત્રથી અત્રેનાં કાર્યાલયને જણાવે છે કે, અમારી કોલેજમાં તા.૨૩/૦૬/૨૦૧૬નાં રોજ શિક્ષણ પેડીગોજીક (વિજ્ઞાન) પધ્ધતિનાં આસીસ્ટન્ટ પ્રોફેસરનાં થયેલ ઈન્ટરવ્યુમાં પસંદગી પામેલ ઉમેદવાર **તિવારી ચેતના શિવશંકર** કે જેમણે **બી.એડ્.**–શ્રી સત્ય સાંઈ ઈન્સ્ટિટયુટ ઓફ હાયર લર્નિગ, વિધ્યાગિરિ, પ્રાસાંથીનીલિયમના **પરીક્ષા કેન્દ્ર અનંતપુર**, આંધપ્રદેશમાંથી તથા **એમ.એડ્.**–સી.એમ.જે. યુનિવર્સિટી, **પરીક્ષા કેન્દ્ર શિર્લોગ**, મેઘાલયમાંથી કરેલ હોય, તેના આધાર–પુરાવા તરીકે પરીક્ષાની માર્કશીટ્સ, ડિગ્રી સર્ટિફિકેટ્સ તથા પ્રોવિઝનલ પાસીગ સર્ટિફિકેટ આ સાથે મોકલીએ છીએ. બંને પરીક્ષા આપ્યાનો લાંબો સમય વીત્યો હોવાથી હોલ ટિકિટ પ્રાપ્ય થઈ શકી નથી. તેણીની ઉપરોકત યુનિવર્સિટીની પદવી અવલોકને લઈ શિક્ષણ પેડાગોજી (વિજ્ઞાન) પધ્ધતિનાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે તેમની થયેલ પસંદગીને **સિન્ડિકેટ તા.૨૯/૦૬/૨૦૧૫**ની સભાનાં **ઠરાવ ક્રમાંકઃ ૧૮** મુજબ ૧૧ મહિનાના કોન્ટ્રાકટ પધ્ધતિથી તેઓની ટીચીગ આસીસ્ટન્ટ તરીકે બહાલી આપી શકાય કે કેમ? જે અંગે વિચારણા કરવા બાબત.

અત્રેની તા.૨૬/૦૭/૨૦૧૬ની કાર્યલય નોંધ પર મળેલ આદેશાનુસાર અત્રેનાં કાર્યાલયનાં તા.૦૪–૦૮–૨૦૧૬ના પત્ર ક્રમાંકઃએસ(૧)/૧૪૧૮૬/૨૦૧૬ના પત્રથી ઉપરોકત કોલેજમાં તા.૨૩/૦૬/ ૨૦૧૬નાં રોજ શિક્ષણ પેડાગોજીક (વિજ્ઞાન અને અંગ્રેજી) પધ્ધતિનાં થયેલ ઈન્ટરવ્યુમાં પેડાગોજીક(વિજ્ઞાન) પધ્ધતિમાં પસંદગી પામેલ ઉમેદવાર તિવારી ચેતના શિવશંકરે બી.એડ્.(શ્રી સત્ય સાંઈ ઈન્સ્ટિટયુટ ઓફ હાયર લર્નિગ, વિધ્યાગિરિ, પ્રાસાંથીનીલિયમ)માંથી તથા એમ.એડ્.(સીએમજે યુનિવર્સિટી, મેઘાલય) માંથી કરેલ હોય, સદર બાબતમાં તેણીએ બી.એડ્. તથા એમ.એડ્. કયા સેન્ટર પરથી પરીક્ષા આપી હતી, તેના આધાર પુરાવા, પરીક્ષાની હોલ ટીકીટ વગેરે આધાર પુરાવાઓ અત્રે સત્વરે મોકલી આપવા જણાવતા ઉપરોકત કોલેજનાં આચાર્યશ્રીએ તેમના ઉપરોકત પત્રથી અત્રે સ્પષ્ટતા કરેલ છે.

<u>નોંધ</u>:– (૧) વધુમાં, નાયબ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ૧૨/૨, ર્ડા.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૦૫/૦૮/૨૦૧૬નાં CHE/ISC-7/૨૦૧૬/ ૩૩૧૪૬૬ પત્રમાં જણાવ્યાનુસાર નામદાર હાઈકોર્ટનાં SCA. નં ૧૩૫૭/ ૨૦૧૬ વીથ SCA. નં.૧૪૫૨/૨૦૧૬નાં ચુકાદાનાં ફકરા નં.૧૫ મુજબ THE HIGH COURT OF GUJARAT AT AHMEDABAD SPECIAL CIVIL APPLICATION NO. 8949 OF 2015 DATE: 30/06/2015 નું જજમેન્ટ નીચે મુજબ છે. It goes without saying that it will be open for the petitioner to file an appropriate representation before the State Government of Meghalaya and seek an opportunity of hearing so far as the Ph.D degree which was conferred upon him by the CMJ University.

4. Ms. Pathak, at this stage, pointed out that even independent of the decision of the supreme Court, the petitioner has no case because the petitioner possesses only a provisional certificate of the Ph.D degree conferred upon by the CMJ University whereas the requirement for being appointed to the post of Assistant professor is a full fledged Ph.D degree from recognized University.

(૨) નાયબ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,૧૨/૨, ર્ડા.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા.૧૯/ ૦૮ /૨૦૧૬નાં CHE/ ISC-7 /૨૦૧૬/ ૩૩૧૪૬૬નાં બિડાણ સહિતનાં પત્રથી ગુજરાત દૈનિક વર્તમાનપત્ર તા.૧૧/૦૬/૧૬ની આવૃત્તિમાં છપાયેલ સમાચાર ગુજરાતમાં બોગસ ડીગ્રીનો ધંધો બાબતના સમાચાર આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. આ બાબતે શિક્ષણ વિભાગ ધ્વારા સત્વરે તપાસ કરાવીને વિગતવાર અહેવાલ રજુ કરવા જણાવેલ છે.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને નામંજૂર કરવી. માન્યતા આપવી નહીં.**

૮. યુનિવર્સિટી કાર્યાલયમાં નોન વેકેશનલ ટીચીંગ સ્ટાફ તરીકે ફરજ બજાવતાં (૧) શ્રી ડી. કે. પટેલ, પ્રોજેક્ટ ઓફિસર (૨) ડો.રોમાન ભાટીયા, પ્રોજેક્ટ ઓફિસર અને ડો.એ.એન.માલવીયા, આસીસ્ટન્ટ ડાયરેકટરના કિસ્સામાં તેઓની નાણાંકીય જવાબદારી યુનિવર્સિટીએ સ્વીકારી યુનિવર્સિટીના સ્વભંડોળમાંથી ચુકવવા અંગેના પત્ર સંદર્ભે સિન્ડિકેટ તા.૧૯–૫–૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક (૯) થી પુનઃવિચારણા કરી રાજય સરકારને જવાબદારી સ્વીકારવા વિનંતી કરતાં રાજય સરકારશ્રીએ આર્થિક જવાબદારી સ્વીકારી શકે તેમ નથી તેમ જણાવેલ, જે અંગે સિનીયર એડવોકેટ, શ્રી ધવલ સી. દવેના તા.૨૪–૧૧–૨૦૧૫ના અભિપ્રાયને સિન્ડિકેટ તા.૨૪–૧૧–૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક (૨૫) અને (૪૮)થી અભિપ્રાય મુજબ આગળની કાર્યવાહી કરવા ઠરાવેલ જે સંદર્ભે રાજય સરકારશ્રીના પત્રને પડકારવા નામદાર હાઈકોર્ટની કાર્યવાહી કરવા એડવોકેટશ્રી અવિનાશ ઠકકરના તા.૧૬–૪–૧૬ના ઈ–મેલ અંતર્ગત સિન્ડિકેટ તા.૧૩–૫–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંક (૧૦૦)થી ઠરાવ્યાનુસાર ત્રણેય અરજદારોને સાંભળવા ડો.અપૂર્વ એ. દેસાઈ અને ડો.રાકેશ દેસાઈની રચવામાં આવેલ કમિટિના તા૩૧–૮–૨૦૧૬ની સભાના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર કર્મચારીઓની છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર બાંધણી (પે ફિક્ષેશન) કરવી અને રાજય સરકારશ્રીને તેની મંજૂરી અર્થે રજુ કરવું. રાજય સરકારશ્રીની મંજુરી મળ્યા બાદ આગળની કાર્યવાહી કરવી.**

૯. યુનિવર્સિટીના માનનીય સિન્ડિકેટ સભ્યશ્રી ઘનશ્યામ રાવલ, ર્ડા.મહેન્દ્રસિંહ ચૌહાણ, શ્રી સંજય દેસાઈ, ર્ડા.ધનેશ વૈધ અને શ્રી પરેશ પટેલ દ્વારા રજૂ કરેલ તા.૦૧/૦૯/૨૦૧૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના માનનીય સિન્ડિકેટ સભ્યશ્રી ઘનશ્યામ રાવલ, ર્ડા.મહેન્દ્રસિંહ ચૌહાણ, શ્રી સંજય દેસાઈ, ર્ડા.ધનેશ વૈધ, શ્રી પરેશ પટેલ, શ્રી કિરિટકુમાર અમૃતલાલ પટેલ અને અન્ય સભ્યશ્રીઓની સહીઓથી રજૂ કરેલ તા.૦૧/૦૯/૨૦૧૬ના પત્ર અન્વયે નીચે મુજબ ઠરાવ્યું છે.**

**(૧) મુદ્દા નં. ૧–ધોરણ –૧૨ પછીના સ્નાતકના પ્રવેશ સંદર્ભે નીચે મુજબ ઠરાવવામાં આવે છે કે,**

- **જોડાણ આપતી વખતે બેઠકો/સંખ્યા નકકી થયેલ હોય તેમાં કોઈ પણ પ્રકારની સીટ વધારો સિન્ડિકેટની મંજૂરી વિના ન કરવો.**
- **માત્ર સુરત શહેર પુરતી કોલેજની કેન્દ્રિય પ્રવેશ સમિતિ (JAC) રાખવી.**
- **કેન્દ્રિય પ્રવેશ સમિતિ (JAC)માં Online Round ઓછામાં ઓછા ૩ અને વધુમાં વધુ ૪ Online Round રાખવા.**
- **નિયત સમયમાં સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવી.**
- **ધોરણ – ૧૨ના પરિણામ આવ્યેથી દિન ૧૫ સુધીમાં પ્રવેશ અરજીઓ સ્વીકારવી. ત્યાર બાદ ૭ દિવસ ચકાસણી / Verification માટે રાખવા અને ત્યાર બાદ મેરીટ જાહેર કરવું.**
- **વિદ્યાર્થીએ તમામ કોલેજીસની પસંદગી (Choice) ફરજીયાત કરવાની રહેશે.**
- **મેરીટ જાહેર થયા બાદ વિદ્યાર્થીઓને ફી ભરવા માટે ૫ દિવસ આપવા બાદ બીજો રાઉન્ડ અને ત્યાર બાદ ૭ દિવસમાં અંતિમ રાઉન્ડ પૂર્ણ કરવાનો રહેશે.**
- **કેન્દ્રિય પ્રવેશ સમિતિ (JAC) નું ફોર્મ ભર્યુ હોય તો જ વિદ્યાર્થીને પ્રવેશ આપવો.**
- **કેન્દ્રિય પ્રવેશ સમિતિ (JAC)સુરત શહેરની કોલેજની માહિતી આગામી સિન્ડિકેટમાં રજૂ કરવી. શકય હોય તો ઓછામાં ઓછા ત્રણ રાઉન્ડમાં જ સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવી.**

**(૨) મુદ્દા નં. ૨– સદર બાબતે સર્વગ્રાહી તપાસ અર્થે નીચેના સભ્યશ્રીઓની સમિતિ નીમવી.**

**(૧) શ્રી પરેશભાઈ રમેશભાઈ પટેલ (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૨) શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૩) શ્રી કિરિટકુમાર અમૃતલાલ પટેલ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૩) મુદ્દા નં. ૩– નોંધ લેવી.**
**(૪) મુદ્દા નં. ૪– નોંધ લેવી.**
**(૫) મુદ્દા નં. ૫– નોંધ લેવી.**
**(૬) મુદ્દા નં. ૬– નોંધ લેવી.**
**(૭) મુદ્દા નં. ૭– નોંધ લેવી.**

૧૦. યુનિવર્સિટીના સ્ટેટ્યુટ–૨૯૩ અને ઓર્ડિનાન્સ–૩૭માં કરેલ જોગવાઈ અંતર્ગત ડિપાર્ટમેન્ટ ઓફ કમ્પરેટીવ લીટરેચરના પ્રોફેસર એન્ડ હેડ, ડો. દમયંતીબેન પરમાર વય મર્યાદાના કારણે સત્રના લાભ મુજબ આગામી તા.૩૧–૧૦–૨૦૧૬ના રોજ નિવૃત થનાર હોય ડિપાર્ટમેન્ટ ઓફ કમ્પરેટીવ લીટરેચરના વિભાગીય વડાશ્રી તરીકે નિયુકિત કરવા અંગે વિચારણા કરવા બાબત.

**<u>નોંધ :</u>**

તુલનાત્મક સાહિત્ય વિભાગમાં ત્યાર બાદ ફકત એક જ આસીસ્ટન્ટ પ્રોફેસર, ડો.મુકેશ આર. વસાવા જ કાયમી શિક્ષક તરીકે રહેશે.

**<u>Statute 293 :</u>**

There shall be a Head of the Department for each Department to be appointed by the Syndicate. The Syndicate shall appoint the senior most full lime teacher not below the rank of a Reader from amongst the staff of the Department to work as the Head of the Department. The whole time University Teacher appointed to act temporarily as the Head of University Department in the place of the permanent incumbent on leave shall not be considered to occupy the office under the designation of the Head of a University Department for the purpose of Section 16 (I) Class I (C) (i) and Section 19 (1) (vi).

Notwithstanding anything contained above the Senior most whole time University Teacher not below the rank of a Reader in the Department appointed as officiating Head of the Department in a permanent vacancy caused by the death, retirement, resignation or termination of services or such other reason shall be deemed to hold office for the purposes mentioned above.

**<u>Ordinance – 37- C</u>**

(i) There shall be a Head of the Department for each Department to be appointed by the Syndicate as per the Provisions made in Statute-293.

(ii) For the purpose of appointment, the seniority shall be counted on the basis of the Date of Joining as a Reader or Professor, as the case may be, irrespective of whether the appointment is made under Direct Recruitment or Career Advancement Scheme.

(iii) This Ordinance shall be applicable forthwith. The Syndicate shall make necessary changes/ alterations in the appointments made earlier in order to give effect of this provision.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના સ્ટેટયુટ–૨૯૩ અને ઓર્ડિનાન્સ–૩૭માં કરેલ જોગવાઈ અંતર્ગત તુલનાત્મક સાહિત્ય વિભાગના પ્રોફેસર એન્ડ હેડ, ડો. દમયંતીબેન પરમાર વય મર્યાદાના કારણે સત્રના લાભ મુજબ આગામી તા.૩૧–૧૦–૨૦૧૬ના રોજ નિવૃત થનાર હોય સદર વિભાગના વડાનો વધારાનો ચાર્જ (હવાલો) ડૉ.જશુભાઈ પટેલને સોંપવો.**

૧૧. યુનિવર્સિટીના અનુસ્નાતકના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં સીધી ભરતીથી રીડર તરીકે તા.૨૭–૬–૨૦૦૬ના રોજ નિમણૂંક પામેલ ડૉ. પંકજસિંહ બી. ઠાકોર, કોમ્પ્યુટર સાયન્સ વિભાગમાં સીધી ભરતીથી રીડર તરીકે તા.૬–૬–૨૦૦૬ના રોજ નિમણૂંક પામેલ ડો. રૂસ્તમ ડી. મોરેના, એકવેટીક બાયોલોજી વિભાગમાં સીધી ભરતીથી રીડર તરીકે તા.૪–૧૧–૨૦૦૮ના રોજ નિમણૂંક પામેલ ડો. નૈમી ચંદ ઉજ્જૈનીયા અને અર્થશાસ્ત્ર વિભાગમાં સીધી ભરતીથી રીડર તરીકે તા.૨૧–૧૧–૨૦૦૮ના રોજ નિમણૂંક પામેલ ડો. ગૌરાંગ ડી. રામીના કિસ્સામાં તેઓની નિમણૂંકની તારીખથી તેઓને રાજય સરકારશ્રીની આખરી મંજૂરીને આધિન એસોસીયેટ પ્રોફેસર તરીકે પદનામિત કરવામાં આવેલ હતાં, તેમજ તેઓનો રીડર તરીકે નિમણૂંક પામ્યા તારીખથી એસેસમેન્ટ પિરીયડ ગણી સિન્ડિકેટ તા.૩–૨–૨૦૧૪ની સભાના ઠરાવ અનુસાર પ્રોફેસર તરીકે બઢતી આપવામાં આવેલ હતી.જે સંદર્ભે યુજીસીના પત્ર ક્રમાંકઃ૩–૨/૨૦૦૯ (પીએસ) તા.૪–૮–૨૦૧૫ના અનુસંધાને યુનિવર્સિટી ધ્વારા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી ખાતે માર્ગદર્શન મેળવતાં તેઓએ તેમના તા.૨૪–૬–૨૦૧૬ના પત્ર ક્રમાંકઃ OW/ISC-7/S.U./રીડરી/૨૦૧૬/૨૦૧૮૨ થી કરેલ સૂચન મુજબ તા.૧–૧–૨૦૦૬થી સીધી ભરતીથી રીડર તરીકે નિમણૂંક પામેલ શિક્ષકોના ત્રણ વર્ષ પૂર્ણ થયા બાદ જ એસોસીયેટ પ્રોફેસર તરીકે લાભ આપી શકાય જે અંગેના પત્ર પર વિચારણા કરવા બાબત.

નોંધઃ– કાર્યાલયના તા.૨૪–૮–૨૦૧૬થી તેઓને પાઠવવામાં આવેલ આદેશ હાલ સ્થગિત કરવામાં આવેલ છે.

બિડાણ :

(૧) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના તા.૨૪–૬–૧૬ના પત્ર ક્રમાંકઃOW/ISC-7/S.U./રિડરો/ ૨૦૧૬/ ૨૦૧૮૨–
(૨) શિક્ષણ વિભાગના તા.૧૧–૧૧–૦૯ના ઠરાવ ક્રમાંકઃએનજીસી/૧૧૨૦૦૯/૩૭૩૪/ખ
(૩) ન્યુદિલ્હી, ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા, એમ.એચ.આર.ડી.ના તા.૩૧–૧૨–૨૦૦૮
(૪) શિક્ષણ વિભાગના તા.૪–૧૨–૦૯ના ઠરાવ ક્રમાંકઃએનજીસી/૧૧૨૦૦૯/૩૭૩૪/ખ (પાર્ટફાઈલ)
(૫) યુજીસી, ન્યુદિલ્હીના તા.૪–૮–૨૦૧૫નો ડી.ઓ. પત્ર ક્રમાંકઃ૩–૨/૨૦૦૯(પીએસ)
(૬) પે–વેરીફિકેશન કમિટિની કાર્યવાહી તા.૨૧–૭–૨૦૧૬
(૭) શિક્ષણ વિભાગના તા.૧૮–૪–૧૬ના ઠરાવ ક્રમાંકઃએનજીસી/૧૧૨૦૧૧/૧૦૫૦/ખ

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સમગ્ર બાબતે રાજય સરકારશ્રીને પુનઃ વિચારણા કરવા રજુઆત કરવી. હાલ કોઈ પણ પ્રકારની રિકવરી સદર શિક્ષકો પાસેથી કરવી નહી તથા સદર બાબતે સર્વગ્રાહી અભ્યાસ માટે નીચે મુજબના સભ્યોની સમિતિ નિમવી.**

**(૧) ડૉ.અપૂર્વ એ. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી, ડીનશ્રી, કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખા અને પ્રો. અને હેડ, કોમ્પ્યુટર સાયન્સ વિભાગ, વી.ન. દ. ગુ. યુ., સુરત.)**
**(૨) આ.ડૉ.વિપીનકુમાર ડી. નાયક (સિન્ડિકેટ સભ્યશ્રી તથા આચાર્ય, એસ.પી. બી. ઈંગ્લીશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સ, અઠવાલાઈન્સ, સુરત.)**
**(૩) ડૉ.રાકેશ એન. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી તથા પ્રો. અને હેડ, અંગ્રેજી વિભાગ, વી. ન. દ.ગુ. યુ., સુરત.)**

૧૨. યુનિવર્સિટી કેમ્પસ ખાતે ચલાવવામાં આવતાં બેચલર ઓફ આર્કિટેકચર સ્વનિર્ભર અભ્યાસક્રમ અર્થે Council of Architecture (COA) Regulations, 2015 અંતર્ગત બહાર પાડવામાં આવેલ જાહેરનામા મુજબ Minimum Standards of Architectural Education Regulations, 2015નો અમલ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતની નોંધ લેવી.**

૧૩. **તા.૮/૯/૨૦૧૬નાં રોજ વી. બી. શાહ ઇન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટ, અમરોલી મુકામે બોક્ષીંગની આંતર કોલેજ સ્પર્ધા અને આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સ્પર્ધામાં શ્રી સી. જે. પટેલ વિદ્યાધામ, વરિયાવ કોલેજનો વિદ્યાર્થી શ્રી કિશન રમેશભાઇ ગજેરા સ્પર્ધાબાદ આકસ્મિક બેભાન થઇ ગયો હતો. જેથી તેને હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તા.૧૧/૦૯/૨૦૧૬નાં રોજ સારવાર દરમ્યાન તેનું અવસાન થયેલ હતું. વિદ્યાર્થીનાં પરિવારની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી સદર વિદ્યાર્થીને યુનિવર્સિટી તરફથી આર્થિક સહાય કરવા બાબતનો શ્રી સી. જે. પટેલ વિદ્યાધામ, વરિયાવનાં આચાર્યશ્રી તેમના તા.૧૪/૯/૨૦૧૬નાં પત્ર ક્રમાંકઃસી.જે.પી./૭૩૮૬/૨૦૧૬-૧૭ પર વિચારણા કરવા બાબત.**

(યુ. ક. અને શા. શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સી. જે. પટેલ વિદ્યાધામ, વરિયાવ કોલેજના વિદ્યાર્થી શ્રી કિશન રમેશભાઈ ગજેરા સ્પર્ધા બાદ આકસ્મિક અવસાન થયેલ હોય તે અંગે આજની સિન્ડિકેટની સભા આ દુઃખદ ઘટના માટે ઘેરા શોકની લાગણી વ્યકત કરે છે. સદર વિદ્યાર્થીએ અંગદાન/ દેહદાન કરેલ હોય સમાજને દિશા દર્શનનું કાર્ય કરેલ હોય તેમના પરિવારને આ અંગે અભિનંદન પાઠવવા તથા સદર વિદ્યાથીના પરિવારને આર્થિક સહાય આપવી, કેટલી સહાય આપવી તેની રકમ નકકી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

૧૪. સંયુકત કમિશ્નરશ્રી, (ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી) ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૨૮–૯– ૨૦૧૫ના પત્ર પર વિચારણા કરવા બાબત:

**<u>નાણાં સમિતિ તા. ૪–૪–૨૦૧૬ ઠરાવ ક્રમાંક: ૨</u>**

:: **સંયુકત કમિશ્નરશ્રી (ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી)–ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા.૨૮–૯– ૨૦૧૫નાં પત્ર પર વિચારણાનાં અંતે અન્ય યુનિવર્સિટીઓ પાસેથી માહીતી મેળવી સદર બાબત સિન્ડિકેટની સભા સમક્ષ રજૂ કરવા ઠરાવવામાં આવે છે.**

**<u>અન્ય યુનિવર્સિટીઓની આવેલી માહીતી સાથે આપણી યુનિવર્સિટીની ફી નું તુલનાત્મક પત્રક:</u>**

## Verification Charges of All Gujarat Universities

| Sr. No. | Universities Name | Marksheet | Transcript | Remarks |
|---|---|---|---|---|
| 1. | Anand Agriculture University, Anand | 50/- | 200/- | - |
| 2. | Charotar University of Science & Technology(CHARUSAT) , Anand | No charges | No charges | - |
| 3. | Ganpat University, Mehsana | 100/- Per document | 100/- Per document | *Minimum Charges 300 and maximum - 1000/- (per Document) *Postal Charge 1.in Gujarat-150/- 2.in India-300/- 3.Abrod -2000/- |
| 4. | Gujarat Ayurved University, Jamnagar | 300/- | Not Available | - |
| 5. | Gujarat Technoligical University, Gandhinagar | 50/- | 100/- | - |
| 6. | Junagadh Agricultural University, Junagadh | No charges | No charges | if Consultancy/ company per Token 500/- |
| 7. | Krantiguru Shyamji Krishna Verma Kachchh University, Kachchh | 250/- | 250/- | if more extra copy per Document fees 50/- |
| 8. | Nirma University, Ahmedabad | No charges | No charges | - |
| 9. | Pandit Deendayal Petroleum University, Gnadhinagar | No charges | No charges | - |
| 10. | Saurashtra University, Rajkot | Per Origional Copy-100, Per Xerox Copy-100, | Per Origional Copy-100, Per Xerox Copy-100, | - |
| 11. | Chidren's University, Gandhinagar | No charges | No charges | - |
| 12. | Uka Tarsadia University, Tarsadi, Bardoli | 250/- | 250/- | - |
| 13. | Shree Somnath Sanskrit University, Veraval | No charges | No charges | - |
| 14. | Sardar Patel University,Vallabh Vidyanagar | if Company -250/-, Educational Dept.-100/-, Abroad -50 $ | if Company -250/-, Educational Dept.-100/-, Abroad -50 $ | Per Document |

## Verification Charges of V.N.S.G.U.

| Receiving Mode | Fees (Per Document Per copy) | | | |
|---|---|---|---|---|
| | Marksheet | Transcript | Degree Certificate (Photocopy) | Degree Certificate (origional) |
| in Person (hand to hand) | Rs.100 | Rs.150 | Rs.150 | Rs.200 |
| By Post in india | Rs.150 | Rs.150 | Rs.200 | Not alllowed |
| By Airmail to Abroad | Rs.2000 | Rs.2000 | Rs.2000 | Not alllowed |

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વિદેશમાં રવાના કરવા માટે per envelopeના/per Airmail ચાર્જ તરીકે રૂા.૨૦૦૦/– લેવા અને દરેક ડોકયુમેન્ટ દીઠ નીચે મુજબ ચાર્જ લેવો.**

## Verification Charges of V.N.S.G.U.

| Receiving Mode | Fees (Per Document Per copy) | | | |
|---|---|---|---|---|
| | Marksheet | Transcript | Degree Certificate (Photocopy) | Degree Certificate (origional) |
| in Person (hand to hand) | Rs.100 | Rs.150 | Rs.150 | Rs.200 |
| By Post in india | Rs.150 | Rs.150 | Rs.200 | Not alllowed |
| By Airmail to Abroad | **Rs.150** | **Rs.150** | **Rs.150** | Not alllowed |

૧૫. April-2016 દરમ્યાન લેવાયેલ B.A. સેમ–4 હિસ્ટ્રી ઓફ મેજર રીવોલ્યુશન વિષયના મુલ્યાંકન બાબતે વિવિધ ફરીયાદો મળતાં પ્રાથમિક તપાસ કરતાં ગંભીર બેદરકારી હોવાની શંકા જણાતાં ડૉ.ધર્મેશ સી. પંડયા વ્યારા કોલેજે મુલ્યાંકન કરેલ ૨ (બે) બંડલોનું પુનઃમુલ્યાંકન કરાવેલ છે જેમાં પરીણામમાં મોટા પ્રમાણમાં ફેરફાર જોવા મળે છે. આ સંજોગોમાં આ વિષયનાં બે બંડલોનું પરીણામ પુનઃમુલ્યાંકન મુજબ સુધારવા તથા પરીક્ષકની બેદરકારી બાબતે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર પુનઃમુલ્યાંકનનું પરિણામ જાહેર કરવુ તથા અધ્યાપકને સદર પરીક્ષણ અર્થે ચૂકવાયેલ તમામ ટી.એ./ડી.એ. અને રેમ્યુનરેશન પરત લેવું તથા સદર પુનઃમુલ્યાંકનનો થયેલ તમામ ખર્ચ પણ સદર અધ્યાપક પાસેથી વસુલ કરવો. આંતરિક મુલ્યાંકનની તમામ ઉત્તરવહીઓ પણ અત્રે મંગાવવી અને ચકાસણી કરવી. આચાર્ય તથા ટ્રસ્ટને અધ્યાપકે કરેલ ગંભીર ભુલ બાબતે જાણ કરવી. અધ્યાપક તરીકે માન્યતા રદ કેમ ન કરવી? તે બાબતે અધ્યાપકનો ખુલાસો પુછવો.**

૧૬. બોર્ડ ઓફ ફિઝીકલ એજ્યુકેશન અને રિક્રિએશનની તા.૧૬/૦૮/૨૦૧૬ના રોજ મળેલી સભાની કાર્યવાહીની ભલામણ ક્રમાંક : ૧૫, ૧૬, ૧૭, ૨૦ અને ૨૧ પર વિચારણા કરવા બાબત.

(યુ. ક. અને શા. શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, હાલ સદર બાબત મુલતવી રાખવી.**

